# શ્રીમતિ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ
# (એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત)
# એલિસબ્રીજ, અમદાવાદ-380 006
# ટેન્ડર નોટિસ નં.૧/ ૨૦૨૬-૨૭

## ટેન્ડર ફોર્મ

**કામનું નામ:**

**શ્રીમતિ એન.એચ.એલ.મ્યુ.મેડીકલ કોલેજમાં આવેલ કેન્ટીન "લીવ એન્ડ લાયસન્સ" ધોરણે કોન્ટ્રાક્ટથી ચલાવવા અંગેનું કામ**

**ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડિપોઝીટ**

- ટેન્ડર ફી : રૂ. 2500/- (ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા - ટેન્ડર ફોર્મ અને ટેકનીકલ બીડ સાથે મુકવી).
- અર્નેસ્ટ મની રકમ રૂ. 25,000/- (ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા - ટેન્ડર ફોર્મ અને ટેકનીકલ બીડ સાથે મુકવી).
- ટેન્ડર ફી તેમજ અર્નેસ્ટમની પેટે ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર "એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ" ના નામનો આપવાનો રહેશે.

**ટેન્ડર ભરવા માટેની સુચના**

- ❖ પ્રથમ કવરમાં : (ફાયનાન્સિયલ બીડ મુકવું નહિ)
  1. ટેન્ડર ફોર્મ, દરેક પાના પર સહી સિક્કા સાથે
  2. ટેકનીકલ બીડ
  3. જરૂરી દસ્તાવેજ પુરાવાઓ
  4. ટેન્ડર ફી તથા અર્નેસ્ટમની ડિપોઝીટ
- ❖ બીજા કવરમાં : ફાયનાન્સીયલ બીડ
- ❖ ત્રીજા કવરમાં : ઉપરોક્ત બંને કવરો મુકી કવરને સીલ કરવું તથા કવર પર કામનું નામ, ટેન્ડર નંબર, ટેન્ડરરનું નામ, સરનામું, સંપર્ક માટેની વિગતો લખવી અને ટેન્ડર શ્રીમતિ એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, ગ્રાઉન્ડ ફ્લોર ઇનવર્ડ બ્રાંચ રૂમ નં. ૧૩ વી.એસ. હોસ્પિટલ કેમ્પસ, એલીસબ્રીજ અમદાવાદ-૩૮૦૦૦૬ સરનામે રૂબરૂ અથવા રજીસ્ટર્ડ/સ્પીડ પોસ્ટથી મોકલવાનું રહેશે.

- ટેન્ડરમાં જો કોઇ જરૂરી માહિતી ભરેલી નહિ  હોય કે અધુરી માહિતી હશે તો ટેન્ડર રદ કરવામાં આવશે.
- ટેન્ડર ફોર્મમાં સહી વગરની વિગત ધ્યાનમાં લેવામાં આવશે નહિ. દરેક પાના પર જો ટેન્ડર દ્વારા સહી સિક્કા કરવામાં આવેલ નહી હોય તો ટેન્ડર રદ બાતલ ગણાશે.
- ટેન્ડર સાથે રજૂ કરવામાં આવતા તમામ દસ્તાવેજો પુરાવાઓ જેવા કે અગાઉના કરારના પત્રો, વર્ક ઓર્ડરની નકલો, સંતોષકારક કામગીરી અંગેના સર્ટીફિકેટ, અનુભવના સર્ટીફિકેટ, ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન, પ્રોફેશનલ ટેક્સનું રજીસ્ટ્રેશન, નોંધણીના પ્રમાણપત્રો, અન્ય જરુરી સરકરી લાયસન્સો પોતાની સહીથી સ્વયં પ્રમાણિત કરેલ હોવા જોઇએ.
- સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડર રદ ગણાશે.
- ટેન્ડર ફી તેમજ અર્નેસ્ટમની સિવાયનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.
- ટેન્ડરનો સ્વીકાર કરવો કે ન કરવો તેનો અધિકાર સેક્રેટરીશ્રી, એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટનો રહેશે.

**તારીખ :** **કોન્ટ્રાકટરની સહી અને સિક્કો**

# <u>ટેન્ડર સબમીશન અંગેની વિગતો</u>

| કામનું નામ | ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય | ટેન્ડર મોકલવાનું સરનામું | ટેન્ડરની ટેક્નિકલ બીડ ખોલવાની તારીખ અને સમય |
|---|---|---|---|
| શ્રીમતિ એન.એચ.એલ.મ્યુ.મેડીકલ કોલેજમાં આવેલ કેન્ટીન “લીવ એન્ડ લાયસન્સ” ધોરણે કોન્ટ્રાકટથી ચલાવવા અંગેનું કામ | તા.૨૯.૦૮.૨૦૨૬ સમય : બપોરે ૧૨.00 વાગ્યા સુધી | શ્રીમતિ એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, ગ્રાઉન્ડ ફ્લોર ઇનવર્ડ બ્રાંચ રૂમ નં. ૧૩ વી.એસ. હોસ્પિટલ કેમ્પસ, એલીસબ્રીજ અમદાવાદ-૩૮૦૦૦૬ | તા.૩૧.૦૮.૨૦૨૬ સમય : બપોરે ૧૨.૦૦ વાગ્યે |

**નોંધ : ટેક્નિકલ ક્વોલીફાય થનાર ટેન્ડરરોને ફાયનાન્સિયલ બીડ ખોલવાની તારીખ અને સમય અંગે ટેલિફોનિક જાણ કરવામાં આવશે**

## <u>કોન્ટ્રાકટરની પર્સનલ વિગત</u>

| | | |
|---|---|---|
| ૧ | **કોન્ટ્રાક્ટરનું નામ** | |
| ૨ | **કોન્ટ્રાક્ટરનું સરનામું** | |
| ૩ | **કોન્ટેક્ટ નંબર** | |
| ૪ | **પાનકાર્ડ નંબર** | |
| ૫ | **જી.એસ.ટી.નંબર** | |
| ૬ | **બેંકની વિગત** | |

**તારીખ :**

**કોન્ટ્રાકટરની સહી અને સિક્કો**

# શ્રીમતિ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ
# એલિસબ્રીજ, અમદાવાદ-380 006
# કોન્ટ્રાક્ટરે ભરવાનું અરજી પત્રક

## ટેન્ડર નોટિસ નં.૧/ ૨૦૨૬-૨૭

## ટેકનીકલ બીડ

| | | |
|---|---|---|
| ૧ | **કોન્ટ્રાક્ટરનું નામ** | |
| ૨ | **કોન્ટ્રાક્ટરનું સરનામું** | |
| ૩ | **હાલનો વ્યવસાય અને વ્યવસાયનું સ્થળ** | |
| ૪ | **કામનો અનુભવ (વર્ષમાં)** | |

- **કેન્ટીનમાં વેચાણ કરવા માટેની ખાદ્ય ચીજ વસ્તુઓના વજનનું એકમ તથા દરની વિગત.**

| અનુ. નં | વિગત | જથ્થો/પ્રમાણ | ભાવ પત્રક (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ચા-આખી | 120 મીલી.લીટર | ૨૦ |
| ૨ | ચા-અડધી | 60 મીલી.લીટર | ૧૦ |
| ૩ | કોફી-આખી | 120 મીલી.લીટર | ૩૦ |
| ૪ | કોફી-અડધી | 60 મીલી.લીટર | ૧૫ |
| ૫ | ફરસાણ (દરેક પ્લેટના) | ૧૦૦ ગ્રામ (ચટણી સાથે) | |
| | - બટાકા પૌંઆ | | ૩૦ |
| | - ગોટા | | ૪૦ |
| | - બટાકાવડા | | ૪૦ |
| | - કટલેસ (૨ નંગ) | | ૪૦ |

| | | | |
|---|---|---|---|
| | - સમોસા(2 નંગ)<br>- મુઠીયા<br>- વાટી દાળના ખમણ<br>- નાયલોન ખમણ<br>- પાત્રા<br>- ખાંડવી<br>- સેવ ખમણી<br>- દાળવડા<br>- ઉપમા<br>- બટાકા/ડુંગળી ભજીયા<br>- ઈદડા<br>- ઢોકળા<br>- મેંદુવડા (૨ નંગ) | | **૪૦**<br>**૪૦**<br>**૪૦**<br>**૩૦**<br>**૪૦**<br>**૪૦**<br>**૪૦**<br>**૪૦**<br>**૩૦**<br>**૪૦**<br>**૩૫**<br>**૪૦**<br>**૪૦** |
| ૬ | **- ચણાપુરી (૨ મોટી પુરી/૪ નાની પુરી)**<br>- સમોસા ચાટ<br>- સેવપુરી ચાટ<br>- કચોરી ચાટ<br>-પાપડી ચાટ<br>-આલુ ચાટ<br>- બ્રેડ રોલ<br>- બ્રેડ પકોડા<br>- ભેળ<br>- ચાઈનીસ સમોસા (૫ નંગ)<br>- વધારેલી ઇડલી | | **૬૦**<br>**૪૦**<br>**૪૦**<br>**૪૦**<br>**૪૦**<br>**૪૦**<br>**૪૦**<br>**૪૦**<br>**૩૫**<br>**૪૦**<br>**૩૫** |
| ૭ | **સાઉથ ઈન્ડિયન**<br>-ઇડલી સંભાર તથા ચટણી સાથે (૨ નંગ)<br>-સાદા ઢોસા સંભાર સાથે<br>-મસાલા ઢોસા સંભાર સાથે<br>-અન્ય પ્રકારના ઢોસા<br>-ઉત્તપમા સંભાર સાથે | | <br>**૪૦**<br>**૫૦**<br>**૬૦**<br>**૭૦**<br>**૬૦** |
| ૮ | **સેન્ડવીચ/પફ**<br>- બ્રેડ બટર | <br>**એક** | <br>**૩૦** |

| | | | |
|---|---|---|---|
| | - બ્રેડ જામ<br>- આલુમટર<br>- વેજીટેબલ<br>- ચીઝ સેન્ડવીચ<br>- ચીઝ ચટની સેન્ડવીચ<br>- વેજ ગ્રીલ સેન્ડવીચ<br>-ચીઝ ગ્રીલ સેન્ડવીચ<br>-વેજ ચીઝ ગ્રીલ સેન્ડવીચ<br>-કલબ સેન્ડવીચ<br>- બટર મસ્કાબન<br>- બટર જામ મસ્કાબન<br>-પફ<br>- ચીઝ પફ<br>- વડા પાઉં ઓઇલ<br>- વડાપાઉ બટર<br>- દાબેલી ઓઇલ<br>- દાબેલી બટર<br>- પીઝા(6 ઇંચ વ્યાસ) | **એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક**<br>**એક** | **૩૦**<br>**૫૦**<br>**૫૦**<br>**૫૦**<br>**૬૦**<br>**૬૦**<br>**૭૦**<br>**૮૦**<br>**૮૦**<br>**૩૦**<br>**૩૦**<br>**૩૦**<br>**૪૦**<br>**૩૦**<br>**૪૦**<br>**૩૦**<br>**૪૦**<br>**૧૦૦** |
| **૯** | **પુરી-શાક/પરોઠા શાક**<br>(૭ નંગ પુરી / 2 પરોઠા 100 ગ્રામ શાક આપવામાં આવશે.)<br>-વેજ.પુલાવ<br>- ભાજીપાંઉ | | **૬૦**<br><br><br>**૫૦**<br>**૬૦** |
| **૧૦** | **ફિક્સ લંચ (સ્વીટ વગર)**<br>(દાળ-ભાત,શાક, કઠોળ, રોટલી(૫),કચુંબર,આચાર,પાપડ)<br>**ફિક્સ લંચ (1 સ્વીટ સાથે)**<br><br>**હાફ લંચ**<br>૧ શાક, રોટલી (૨) કચુંબર,આચાર | | **૮૦**<br><br><br>**૯૦**<br><br><br>**૪૦** |

| | | | |
|---|---|---|---|
| **૧૧** | **પંજાબી**<br>પનીરનું શાક (૧૦૦ ગ્રામ) પરાઠા-૨ પાપડ-૧<br>મીક્ષ વેજીટેબલ શાક (૧૦૦ ગ્રામ) પરાઠા-૨ પાપડ-૧<br>શાક-૧ ,રોટી-૨, જીરા રાઇસ, દાળ તડકા, સ્વીટ-૧, પાપડ-૧ | | <br>**૮૦**<br>**૭૦**<br><br>**૧૨૦** |
| **૧૨** | **રાજસ્થાની**<br>ગટ્ટા/ સેવ ટામેટાનું શાક, રોટલી-૨, પાપડ<br>દાલબાટી, ચુરમુ | | <br>**૬૦**<br>**૮૦** |
| **૧૩** | **ચાઇનીઝ**<br>- ચાઈનીઝ નુડલ્સ<br>- ફ્રાઈડ રાઈસ<br>-ઇડલી ચીલ્લી<br>- મન્ચુરીયન નુડલ્સ<br>-ચાઈનીસ ભેળ<br>- ફ્રેન્કી<br>- મેગી | | <br>**૫૦**<br>**૫૦**<br>**૫૦**<br>**૬૦**<br>**૬૦**<br>**૬૦**<br>**૪૦** |

➢ **નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબનું નાસ્તાનું મેનુ કોન્ટ્રાક્ટરે જે તે દિવસે અવશ્ય રાખવાનું રહેશે.**

| **સોમવાર** | **મંગળવાર** | **બુધવાર** | **ગુરુવાર** | **શુક્રવાર** | **શનિવાર** |
|---|---|---|---|---|---|
| સાઉથ ઇન્ડિયન (મેનુમાં દર્શાવેલ આઇટમો) | ચાઇનીઝ (મેનુમાં દર્શાવેલ આઇટમો) | પંજાબી (મેનુમાં દર્શાવેલ આઇટમો) | સાઉથ ઇન્ડિયન (મેનુમાં દર્શાવેલ આઇટમો) | ચાઇનીઝ (મેનુમાં દર્શાવેલ આઇટમો | પંજાબી (મેનુમાં દર્શાવેલ આઇટમો) |

- મેનુમાં દર્શાવેલ નાસ્તાની ઓછામાં ઓછા ૧૫ ખાદ્ય આઈટમો દિવસ દરમ્યાન ગરમ આપવાના રહેશે.
- મેનુમાં દર્શાવેલ ફિક્સ લંચ બપોરના સમયે દરરોજ રાખવાનું રહેશે.
- પેકીંગમાં વેચવામાં આવતી ખાદ્યપદાર્થોની વસ્તુ જે તે પ્રોડક્ટ ઉપર છાપેલા MRP થી વધુ ભાવ લઇ શકાશે નહિ.
- સરકારશ્રી દ્વારા પ્રતિબંધિત કરેલ પ્લાસ્ટીકની ચીજવસ્તુઓનો ઉપયોગ થાય તેવા ખાદ્યપદાર્થોનું વેચાણ કરી શકાશે નહી.

- ભવિષ્યમાં સરકારશ્રી તરફથી જે તે વસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે તેવી ચીજવસ્તુઓનું વેચાણ કરી શકાશે નહિ.
- કેન્ટીનમાં આપવામા આવતી ખાદ્ય આઈટેમો/વાનગીઓ દૈનિક જરૂરી જથ્થામાં રાખવાની રહેશે. સદરહુ વાનગીઓ ગુણવતાવાળી, સારી તેમજ સ્વચ્છ વાસણમાં આપવાની રહેશે.

**તારીખ :** **કોન્ટ્રાકટરની સહી અને સિક્કો**

# શ્રીમતિ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ
# એલિસબ્રીજ, અમદાવાદ-380 006

## ટેન્ડર નોટિસ નં.૧/ ૨૦૨૬-૨૭

- **ટેન્ડર એવોર્ડ કરવાની માર્કિંગ પધ્ધતિ નીચે મુજબ રહેશે.**

**<u>(1) અનુભવ - કેન્ટીન ચલાવવા અંગેનો (વર્ક ઓર્ડર/અનુભવ, પ્રમાણપત્રના આધારે)</u>**

1 વર્ષ થી ઓછો - 2 માર્ક

1 વર્ષથી 3 વર્ષ - 4 માર્ક

3 વર્ષથી 5 વર્ષ - 6 માર્ક

5 વર્ષથી વધુ - 10 માર્ક

**<u>(2) મેડીકલ/ડેન્ટલ/ ફિઝીયો થેરાપી/ નર્સીંગ કોલેજમાં કે કોઇ પણ હોસ્પિટલમાં કેન્ટીન ચલાવવાનો અનુભવ</u>**

1 વર્ષ થી ઓછો - 2 માર્ક

1 વર્ષથી 3 વર્ષ - 4 માર્ક

3 વર્ષથી 5 વર્ષ - 6 માર્ક

5 વર્ષથી વધુ - 10 માર્ક

**<u>(3) ઈન્કમટેક્સ રીટર્ન ત્થા સી.એ. સર્ટી.ને આધારે (છેલ્લા ત્રણ વર્ષની આવક)</u>**

રૂ. ૧૦ લાખથી ઓછી - 2 માર્ક

રૂ.૧૦ લાખથી ૧૫ લાખ સુધી - 4 માર્ક

રૂ.૧૫ લાખથી લાખથી ૨૦ લાખ સુધી - 6 માર્ક

રૂ.૨૦ લાખથી વધુ - 10 માર્ક

- દરેક ટેન્ડર ભરનાર માટે ઉપરોક્ત માર્કિંગ સીસ્ટમ અનુસાર ગુણાંકન કરવામાં આવશે.
- ભાવ પત્રકો ખોલ્યા બાદ, કોન્ટ્રાકટર દ્વારા ભરવામાં આવેલ ભાવને ઉપરોક્ત ગુણાંકનમાં મેળવવામાં આવેલ ગુણ સાથે ગુણવામાં આવશે અને જેનો ગુણાકાર થયેલ ભાવ સૌથી મહતમ આવશે તેને ટેન્ડર એવોર્ડ કરવામાં આવશે.

- સરખા માર્કસ થાય તેવા સંજોગોમાં કોલેજની કેન્ટીન કે હોસ્પિટલની કેન્ટીન કોન્ટ્રાકટથી ચલાવવાના કામનો જેને વધુ અનુભવ હશે તે કોન્ટ્રાકટરને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

દા.ત. ટેન્ડર ભરનાર એજન્સી ત્રણ છે તો,

| **વિગત** | **એજન્સી -૧** | **એજન્સી - ૨** | **એજન્સી -૩** |
|---|---|---|---|
| ગુણાંકન -1 મુજબ મળેલ માર્ક | ૧૦ | ૬ | ૪ |
| ગુણાંકન -2 મુજબ મળેલ માર્ક | ૧૦ | ૬ | ૪ |
| ગુણાંકન -3 મુજબ મળેલ માર્ક | ૧૦ | ૬ | ૪ |
| મેળવેલ કુલ ગુણ | ૩૦ | ૧૮ | ૧૨ |
| ભરેલ માસિક ભાવ રૂ. | ૩૦,૦૦૦ | ૩૫,૦૦૦ | ૪૦,૦૦૦ |
| ગુણાકાર | ૯,૦૦,૦૦૦૦ | ૬,૩૦,૦૦૦ | ૪,૮૦,૦૦૦ |

ઉપરોક્ત સંજોગોમાં ટેન્ડર એવોર્ડ એજન્સી નં. 1 ને આપવામાં આવશે.

**ખાસ નોધ: -**

(૧) ટેન્ડરરે ટેક્નિકલ બીડ સાથે ટેન્ડરમાં માંગ્યા મુજબના કામના અનુભવના સર્ટિફિકેટ, કામના વર્ક ઓર્ડર/ કામ સંતોષકારકતાના સર્ટી., છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમટેક્સ રીટર્નની કોપી, છેલ્લા ત્રણ વર્ષના આવકનું સી.એ. સર્ટી., પાનકાર્ડની કોપી, જી.એસ.ટી.ની કોપી તથા અન્ય જરૂરી સરકારી રજીસ્ટ્રેશનની કોપી બિડવાની રહેશે.

(૨) ટેન્ડર ભરનારે આ સાથે સામેલ નમૂના મુજબની બ્લેક લીસ્ટ/ ડીબાર ન થયા હોવા અંગેની એફિડેવીટ સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ્ડ કરીને રજૂ કરવાની રહેશે. જેના વગર ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

(૩) અન્ય કોઈ સંસ્થા કે જગ્યાએ બ્લેક લીસ્ટ / ડી બાર થયેલ એજન્સી અત્રેની ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહિ. તદ્પરાંત આવી કોઇ એજન્સી નામ બદલીને અત્રેની ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેશે અને ધ્યાન પર આવશે તો તેણું ટેન્ડર રદ બાતલ ગણવામાં આવશે. અગાઉ બ્લેક લીસ્ટ કે ડી બાર થયેલ કોઇ એજન્સીના પ્રોપ્રાઇટર / પાર્ટનર / ડિરેક્ટર / સંચાલક કે અન્ય હોદ્દેદાર ટેન્ડર ભરનાર એજન્સી સાથે સંકળાયેલ હશે તો પણ તેનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

**તારીખ :** **કોન્ટ્રાકટરની સહી અને સિક્કો**

# શ્રીમતિ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ

# એલિસબ્રીજ, અમદાવાદ-380 006

# ટેન્ડર નોટિસ નં.૧/ ૨૦૨૬-૨૭

## સામાન્ય શરતો

૧) સદરહું ટેન્ડરની મુદત ૩ વર્ષ માટેની રહેશે. ૩ વર્ષ બાદ કામની સંતોષકારકતાને ધ્યાને લઈ બંન્ને પક્ષ સંમત હશે તો સક્ષમ સત્તાની મંજુરી મેળવી વધુ ૨ વર્ષ માટે મુદત લંબાવી શકાશે.

૨) કેન્ટીન રવિવાર તેમજ જાહેર રજા સિવાયના તમામ દિવસોએ સવારના 8.00 થી રાત્રિના 10.00 કલાક સુધી ચાલુ રાખવાની રહેશે. કેન્ટીનના સમયમાં જરૂર જણાતા ડીનશ્રીની સૂચના અનુસાર ફેરફાર કરવાના રહેશે જેનુ કોન્ટ્રાક્ટરે પાલન કરવાનું રહેશે.

૩) ટેન્ડર મંજુર થયેથી કોન્ટ્રાક્ટરે કેન્ટીન કોન્ટ્રાકટથી ચલાવવા કોલેજ દ્વારા આપવામાં આવેલ ડ્રાફ્ટ મુજબ ભાડાકરાર કરવાનો રહેશે.

૪) વર્ક ઓર્ડર મળ્યેથી મંજૂર થયેલ માસિક ભાડા મુજબ ત્રણ માસની રકમ સિક્યુરીટી ડીપોઝીટ પેટે (વગર વ્યાજે) ડી.ડી./ પે-ઓર્ડર કે ઓન લાઈન માધ્યમથી તુરંત જ જમા કરાવવાની રહેશે.

૫) કોન્ટ્રાક્ટરે જે તે માસનું ભાડું (જી.એસ.ટી.સહિત) ડી.ડી અથવા ઓનલાઇન માધ્યમથી માસની 1 થી 10 તારીખમાં જમા કરાવવાનું રહેશે તેમાં કસુર થશે તો 10 તારીખ બાદ પ્રતિદિન રૂ. 250/- લેખે પેનલ્ટી સાથે ભરવાના રહેશે. કોન્ટ્રાક્ટરે નિયત મુદત બાદ મહત્તમ ૩૦ દિવસની અંદર શરતની પેનલ્ટી સાથે ભાડું ભરવાનું રહેશે. ૩૦ દિવસની મુદત બાદ કોન્ટ્રાક્ટ રદ કરવા સુધીના પગલા લઇ શકાશે.

૬) કરાર સમય દરમ્યાન કોન્ટ્રાકટર ૨ વર્ષ સુધી ભાવ વધારો કરી શકાશે નહી. ત્યારબાદ કોન્ટ્રાકટર ભાવમાં વધારો કરવા માંગે તો ભાવ વધારાના કારણ સહિત અરજી કરવાની રહેશે. ભાવ વધારા માટે કેન્ટીન કમિટી દ્ધારા ભલામણ સાથે સક્ષમ સત્તાની મંજુરી મેળવવાની રહેશે અને મંજુરી મળ્યા બાદ ભાવ વધારાનો અમલ કરી શકાશે.

૭) કોન્ટ્રાક્ટરે સંતોષકારક કામ પુરુ કર્યા હોવાનું/ કામ ચાલુ હોવાનું જે તે સંસ્થાનું પ્રમાણપત્ર પુરાવા તરીકે અચુક સામેલ કરવાનું રહેશે. હાલમાં કામ ચાલુ હોય તો તે સંસ્થાનું પ્રમાણપત્ર અવશ્ય સામેલ કરવું.

૮) કોન્ટ્રાક્ટરે છેલ્લા ત્રણ વર્ષના ઇન્કમ ટેક્ષ રીટર્નની કોપી ટેન્ડર સાથે સામેલ કરવાની રહેશે. ત્થા છેલ્લાં ત્રણ વર્ષની આવકનું સી.એ. સર્ટીફિકેટ સામેલ કરવાનું રહેશે.

૯) કેન્ટીનમાં વપરાશમાં લેવામાં આવતી લાઇટો, પંખા, વોટર કુલર, ફ્રીઝ, ડીપફ્રીઝ, સગડીઓ, હોટ પ્લેટ, ઓવન વિગેરે વીજળીનો વપરાશ કરતા સાધનો માટે લાઇટબિલ કેન્ટીન ચલાવનાર કોન્ટ્રાક્ટરે ચુકવવાનું રહેશે. મીટર

રીડીંગ મુજબ સંસ્થાએ નક્કી કરેલા પ્રતિ યુનિટ ભાવ પ્રમાણે લાઈટબિલ એજન્સીએ સંસ્થાને ચુકવાનું રહેશે.

૧૦) કોન્ટ્રાકટરને લાઇટબિલની રકમની જાણ કર્યેથી દિન-૧૦માં ડી.ડી/ઓનલાઇન માધ્યમથી જમા કરાવવાનું રહેશે. જો સમય મર્યાદામાં લાઇટ બિલ જમા કરાવવામાં નહિ આવે તો પ્રતિ દિન રૂ.૨૫૦/- મુજબ પેનલ્ટી કરવામાં આવશે. કોન્ટ્રાકટરે નિયત મુદત બાદ મહત્તમ ૩૦ દિવસની અંદર શરતની પેનલ્ટી સાથે લાઈટબિલ ભરવાનું રહેશે. ૩૦ દિવસની મુદત બાદ કોન્ટ્રાકટ રદ કરવા સુધીના પગલા લઇ શકાશે.

૧૧) કેન્ટીનમાં પી.એન.જી. લાઇનનું માસિક બિલ કોન્ટ્રાકટરે નિયમિત ભરવાનું રહેશે. ગેસબિલ કોન્ટ્રાકટર દ્વારા સમયસર ભરવામાં નહિ આવે તો તેની પેનલ્ટી તથા લાઇન કપાઇ જાય તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ અંગેના નાણાં કોન્ટ્રાકટરે ભરવાના રહેશે. કોઈ સંજોગોમાં ગેસ બોટલની જરુર પડે તો તે વ્યવસ્થા કો ન્ટ્રાકટરે જાતે સ્વ-ખર્ચે કરવાની રહેશે. સામાન્ય સંજોગોમાં પી.એન.જી.લાઈનનો જ ઉપયોગ કરવાનો રહેશે.

૧૨) કોલેજ તરફથી પાણીની સગવડ પુરી પાડવામાં આવશે. પરતું અનિવાર્ય સંજોગોમાં પાણીની વ્યવસ્થા કોન્ટ્રાકટરે જાતે સ્વખર્ચે કરવાની રહેશે.

૧૩) કેન્ટીનની જગ્યા વાપરવા માટે લાયસન્સ ધોરણે આપવામાં આવે છે. કોન્ટ્રાકટરને આપવામાં આવેલો પરવાનો કોઈને ટ્રાન્સફર કરી શકાશે નહિ કે સબલેટમાં કોન્ટ્રાકટ આપી શકાશે નહિ.

૧૪) કેન્ટીન અંગેની કાયદાકીય જોગવાઈનું પાલન કરવાની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.આ બાબતોમાં કોઈ કાનુન ભંગ થયેલ હશે તેના કારણે કોઈ દંડ કે અન્ય જવાબદારી ઉત્પન્ન થશે તો તે રકમ કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે. જે તે અંગે કોઈ કાનૂની કે સરકારી કાર્યવાહી કરવાની થશે તે કરવાની જવાબદારી કેન્ટીન કોન્ટ્રાકટરની રહેશે.

૧૫) કેન્ટીન માટેની જરૂરી પરમીટ હેલ્થ લાયસન્સ, કીચન વેસ્ટ લાયસન્સ તેમજ અન્ય જરુરી પરવાના મેળવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ લાયસન્સોની એક કોપી કોન્ટ્રાકટરે કોલેજમાં જમા કરાવવાની રહેશે. જો આ પ્રકારના પરવાના ચેકીંગમાં નહિ મળે તો પ્રતિ કિસ્સે રૂ.૫૦૦૦/- પેનલ્ટી થશે.

૧૬) કોન્ટ્રાકટરે મેનુમાં દર્શાવેલ મીનીમમ ૧૫ નાસ્તાની આઇટમ તાજી તથા ગરમ આપવાની છે તેમજ અઠવાડિક મેનુમાં જણાવ્યા મુજબની આઇટમો જે તે દિવસે રાખવાની છે. જો સદર બાબતનો કોન્ટ્રાકટર અમલ નહિ કરે તો પ્રતિ કિસ્સા રૂ.૧૦૦૦/- પેનલ્ટી કરવામાં આવશે.

૧૭) સદરહુ કેન્ટીનની આસ-પાસ તેમજ અંદરની રોજીંદી સફાઈ જાળવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

- કેન્ટીનનું ફર્નિચર રોજે રોજ ડસ્ટીંગ કરાવવાનું રહેશે.
- સ્વચ્છતાના ધોરણો જાળવવામાં નિષ્ફળતા બદલ જે પેનલ્ટી કરવામાં આવે તે કોન્ટ્રાકટરને માન્ય રહેશે.
- કોન્ટ્રાકટરે દર મહિને એક વખત કેન્ટીન સાબુ/પાવડરથી ધોવડાવાની રહેશે.

૧૮) કેન્ટીનના કર્મચારીઓના પોષાક યુનિફોર્મ સ્વચ્છ તેમજ કામ દરમ્યાન હાથમાં ગ્લોઝ અને માથે કેપ રાખવાની રહેશે. કર્મચારી/સ્ટુડન્ટ સાથે વિવેકભરી વર્તણુંક રાખવાની રહેશે. કેન્ટીનના કર્મચારીઓ ધુમ્રપાન, ગુટકા વિગેરેનાં વ્યસની ન હોવા જોઇએ અને તથા કેન્ટીનમાં આવનાર કોઈપણ વ્યક્તિ સાથે ગેરવર્તણુક ચલાવી લેવામાં આવશે નહિ. જો આવી ફરિયાદ મળશે અને કસુરવાર સાબિત થશે તો પ્રતિ કિસ્સા રૂ.૨૦૦૦/- પેનલ્ટી થશે.

૧૯) કોલેજ દ્વારા કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ શરૂ થયા સમયે ફર્નિચર (ટેબલ તથા ખુરશી) આપવામાં આવશે. ત્યારબાદ હયાત ફર્નિચરની તૂટ-ફૂટનું રીપેરીંગ કરવું, વધારાનું નવું ફર્નિચર લાવવું તેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. કોન્ટ્રાકટ પુરો થાય ત્યારે કોલેજે આપેલ ફર્નિચર યોગ્ય હાલતમાં કોન્ટ્રાકટરે પરત આપવાનું રહેશે અન્યથા તેની ડીપોઝીટમાંથી તેના નાણાં વસુલ કરવામાં આવશે.

૨૦) કોલેજના સેનેટરી સ્ટાફ કે અધિકૃત અધિકારી ધ્દારા કેન્ટીનનું ચેકીંગ કરવામાં આવશે જેને કોન્ટ્રાકટર રોકી શકશે નહિ.

૨૧) કોન્ટ્રાકટર અધવચ્ચે  કેન્ટીન ચલાવવાનું કામ બંધ કરી શકશે નહિ. જો કોન્ટ્રાકટર અધવચ્ચેથી એટલે કે કોન્ટ્રાકટ સમય પહેલાં કેન્ટીન ચલાવવાનું કામ બંધ કરશે તો તેની ડીપોઝીટની રકમ જપ્ત કરી બ્લેકલીસ્ટ કરવા સુધીના પગલાં લેવામાં આવશે. કોન્ટ્રાકટ સમય પહેલાં કામ બંધ કરવા માંગતા હોય તો કોન્ટ્રાકટરે ૩ મહિનાની નોટિસ આપવાની રહેશે. સક્ષમ સત્તા તરફથી મંજુરી મળ્યા બાદ કોલેજ તરફથી કોન્ટ્રાકટરને પત્ર આપ્યા બાદ કોન્ટ્રાકટર કોન્ટ્રાકટમાથી છૂટા થઈ શકશે.

૨૨) કોન્ટ્રાક્ટર પાસે જે કોઇ મ્યુનિસિપલ મેડીકલ કોલેજનું લેણું હશે તે પ્રથમ મ્યુનિસિપલ મેડીકલ કોલેજમાં જમા કરાવવાનું રહેશે. કોઈ લેણાની રકમ જમા કરાવશે નહિ તો કોલેજ તેવા સંજોગોમાં તેમના વાસણો કે અન્ય વસ્તુઓ નોટીસ આપી જપ્ત કરી શકશે અને તે અંગે કોઇ તકરાર કે કોર્ટ કેસ કરી શકશે નહિ.

૨૩) કરારના સમયગાળા દરમ્યાન ક્યારેય પણ કોન્ટ્રાકટરની કેન્ટીન ચલાવવા બાબતની કામગીરી માટે કોલેજને અસંતોષ થાય તો કોલેજ એક માસની નોટીસ આપી સદરહુ કરાર રદ કરી શકાશે અને કેન્ટીનનો કબજો પરત લઇ શકાશે.

૨૪) કોઇ અનિવાર્ય કારણોસર કોન્ટ્રાકટરે કેન્ટીન બંધ રાખવી પડે તેવી સ્થિતી ઉભી થાય કે કોન્ટ્રાકટરે તેનાં અંગત કારણોસર કેન્ટીન બંધ રાખે કે કોલેજનું વેકેશન હોય જેને કારણે ધંધો ઓછો થાય આવા કારણો લઈને કોન્ટ્રકટરને ભાડા પ્રિમીયમની રકમમાં રાહત આપવા બાબતની કોઇ માંગણી માન્ય રાખવામાં નહિ આવે. કોન્ટ્રાકટરે નિયત થયેલ મસિક ભાડું/ પ્રિમીયમ સમયસર કોલેજમાં ભરવું પડશે.

૨૫) કેન્ટીનની અંદર આગનો બનાવ ન બને તે બાબતનું કોન્ટ્રાકટરે પુરતુ ધ્યાન રાખવાનું રહેશે. સલામતિ હેતુસર કોન્ટ્રકટરે કેન્ટીનમાં જરૂરી સંખ્યામાં ફાયર એક્ષ્ટીંગ્યુઇશની વ્યવસ્થા સ્વ-ખર્ચે અવશ્ય રાખવાની રહેશે.

૨૬) કેન્ટીન પ્રિમાઇસીસને કોઇપણ જાતનું નુકશાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે અન્યથા નુકશાનીનો ડીનશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ ખર્ચ કોન્ટ્રાકટરે ભરપાઇ કરવાનો રહેશે.

૨૭) કેન્ટીનમાં કોઇપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હોવાનું જાણમાં આવશે તો તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ બદલ કરાર રદ કરવામાં આવશે અને ડીપોઝીટની રકમ જપ્ત કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

૨૮) કરારના સમય દરમ્યાન ટેન્ડર ભરનાર સદરહુ કામગીરી અન્ય કોઈને સબલેટ / આઉટસોર્સ કરી શકશે નહિ તથા પેટા કોન્ટ્રાકટ કરી શકશે નહિ અને જો તેમ કરેલ હોવાનું જણાઇ આવશે તો તાત્કાલિક અસરથી કરાર રદ કરવામાં આવશે. અને ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૯) કોન્ટ્રાકટરે કેન્ટીનમાં વર્ષમાં એક વખત સ્વખર્ચે કલર ત્થા પેસ્ટીસાઈડ ટ્રીટમેન્ટ અચૂક કરાવવાની રહેશે.

૩૦) સિવિલ/ઇલેકટ્રીક તેમજ ડ્રેનેજ ઓવર ફ્લોના સામાન્ય રીપેરીંગ કામો કોન્ટ્રાકટરે જાતે સ્વખર્ચે કરાવવાના રહેશે.

૩૧) કોન્ટ્રાકટરના કોઇ પણ માણસોને કેન્ટીનમાં રહેવા માટે પરવાનગી નથી. જો આમ કરતાં ધ્યાને આવશે તો પ્રતિ કિસ્સો રૂ.૨૦૦૦/- પેનલ્ટી કરવામાં આવશે.

૩૨) પેકીંગમાં વેચવામાં આવતી ખાદ્યપદાર્થોની વસ્તુ એક્સપાયરી ડેટવાળી મળશે તો પ્રતિ કિસ્સે રૂપિયા ૫૦૦૦ સુધીની પેનલ્ટી કરવામાં આવશે.

૩૩) ટેન્ડર ભરતાં પહેલાં કોન્ટ્રાકટરે રૂબરુ કેન્ટીનની મુલાકાત લઈ લેવી જેથી સ્થળ તેમજ સ્થિતીનો કોન્ટ્રાકટરને ખ્યાલ રહે.

૩૪) કોઈપણ કાયદાકીય બાબત અંગે Ahmedabad jurisdiction રહેશે.

૩૫) દરેક શરતોના અર્થઘટન બાબતમાં ડીનશ્રીનો નિર્ણય આખરી ગણાશે જે માન્ય રાખવાનો રહેશે.

ઉપરોકત તમામ શરતો મેં/ અમોએ વાંચી તેમજ સમજી છે અને તે શરતો અમોને સ્વીકાર્ય છે.

**તારીખ :** **કોન્ટ્રાકટરની સહી અને સિક્કો**

**(Rs. 300/- Stamp paper)**

અમોએ એ.એમ.સી. મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રીમતિ એન.એચ.એલ.મ્યુ.મેડીકલ કોલેજમાં આવેલ કેન્ટીન “લીવ એન્ડ લાયસન્સ” ધોરણે કોન્ટ્રાકટથી ચલાવવાના કામનું ટેન્ડર ભરેલ છે અને તે બાબતે સોગંદપૂર્વક ખાત્રી આપીએ છીએ કે, અમારી એજન્સી અગાઉ કોઇ સંસ્થા / જગ્યાએ બ્લેક લીસ્ટ કે ડી બાર થયેલ નથી. વધુમાં ખાત્રી આપતા અમો / હું જણાવીએ છીએ કે અગાઉ બ્લેક લીસ્ટ કે ડી બાર થયેલ કોઇ એજન્સીના પ્રોપરાઇટર / પાર્ટનર / ડિરેક્ટર / સંચાલક કે અન્ય હોદ્દેદાર ટેન્ડર ભરનાર સદરહુ એજન્સી સાથે સંકળાયેલ નથી.

**સંસ્થાના વડાની સહી :**

**સંસ્થાનો સિક્કો :**

**નોટરીના સહી – સિક્કા**

# શ્રીમતિ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ

# એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬

## ટેન્ડર નોટિસ નં.૧/ ૨૦૨૬-૨૭

## ફાયનાન્સીયલ બીડ

**કામનું નામ : શ્રીમતિ એન.એચ.એલ.મ્યુ.મેડીકલ કોલેજમાં આવેલ કેન્ટીન "લીઝ એન્ડ લાયસન્સ" ધોરણે કોન્ટ્રાકટથી ચલાવવા અંગેનું કામ**

| | | |
|---|---|---|
| ૧ | ઓફર કરેલ માસિક લાયસન્સ ફી ની રકમ | રૂ. |
| ૨ | જી.એસ.ટી.ની રકમ | રૂ. |
| ૩ | કુલ માસિક લાયસન્સ ફીની રકમ | રૂ. |

કુલ માસિક લાયસન્સ ફીની રકમ (શબ્દમાં) ...................................

- ઉપરોક્ત દર્શાવેલ કુલ માસિક લાયસન્સ ફી થી હું/ અમો કોલેજની કેન્ટીન લીઝ અને લાયસન્સ ધોરણે ચલાવવા સંમત છીએ.
- સદરહુ ટેન્ડરની તમામ શરતોનું પાલન કરવાની હું સોગંદપૂર્વક ખાતરી આપું છું.

**તારીખ :** **કોન્ટ્રાકટરની સહી અને સિક્કો**